# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-06-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## PM-11 વર્ષ પુર્ણ:

પોતાના કાર્યકાળમાં 11 વર્ષ પુર્ણ થયાના અવસરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડીયા પર બે મિનિટ પંચાવન સેકેન્ડનો વિડીયો પોસ્ટ કર્યો, જેમાં છેલ્લા 11 વર્ષમાં દેશની વિકાસ યાત્રાની ઝલક જોઈ શકાય છે. અહી પ્રધાનમંત્રીએ લખ્યુ હતું કે છેલ્લા 11 વર્ષમાં લોકોના જીવનમાં અગણિત સકારાત્મક બદલાવ આવ્યા છે. મારા 11 વર્ષ વડા પ્રધાન તરીકેના કાર્યકાળમાં જનઆંકાક્ષાઓને નવી ઉડાન આપી છે . આ સાથે પ્રધાનમંત્રી શ્રી મોદીએ નમો એપની લિંક શેર કરીને લખ્યુ હતું કે આ એપના માધ્યમથી દેશમા પરિવર્તન નવા અંદાજમાં જોઈ શકાય છે.

-----------------------------------------------------------------------------------

## રાજ્ય-ગ્રામપંચાયત ચુટણી:

રાજ્યમાં આગામી 22 જૂને યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાનો ગઈકાલે છેલ્લો દિવસ હતો.આજે ઉમેદવારોનાં ઉમેદવારીપત્રોની ચકાસણી કરાશે. જ્યારે 11 જૂને ઉમેદવારીપત્રો પરત ખેચવાનો છેલ્લો દિવસ હશે.

-----------------------------------------------------------------------------------

## મહેસાણા-જુનાગઢ-સી. આર. પાટિલ-ચુંટણી :

રાજ્યમાં મહેસાણાની કડી અને જુનાગઢની વિસાવદર બેઠક પરની પેટા-ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષના નેતાઓએ પ્રચાર શરૂ કર્યો. જુનાગઢના વિસાવદર ખાતે ગઈકાલે ભાજપના પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલની

ઉપસ્થિતિમાં કાર્યકર્તા સંમેલન યોજાયું. દરમિયાન શ્રી પાટીલે કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું. જ્યારે ભાજપના ઉમેદવાર કિરીટ પટેલે વિરોધી પક્ષો પર પ્રહાર કર્યા હતા.

---------------------------------------------------------------------------------

## ભુજ-ગ્રામપંચાયત ચુંટણી:

ગ્રામ્ય સંસદના સુકાની પદની ચૂંટણી માટે ફોર્મ ભરવાના અંતિમ દિને ભુજ તાલુકાની વિવિધ ગ્રામ પંચાયતના સરપંચ પદ 102, જ્યારે સભ્ય બનવા માટે 502 ઉમેદવારે દાવેદારી નોંધાવી છે, જ્યારે કેટલાંક ગામોમાં યોજાનારી પેટા ચૂંટણીમાં સરપંચ પદ માટે 15 અને સભ્ય પદ માટે 12 ઉમેદવારે ફોર્મ ભર્યાં હતાં, ફોર્મ ભરવાના અંતિમ દિન ગઈકાલે આ પ્રક્રિયા માટે ઉમેદવારોની સાથે ટેકેદારો પણ મોટી સંખ્યામાં ઊમટી પડતાં તાલુકા પંચાયત અને મામલતદાર કચેરીમાં ધમધમાટ જોવા મળ્યો હતો. ભુજ તાલુકામાં 35 સામાન્ય અને 38 ગામમાં પેટા ચૂંટણી યોજાવાની છે, જેના માટે ગઈકાલે ફોર્મ ભરવાના અંતિમ દિને કુલ 635 ફોર્મ ભરાયા હતા. આ ચૂંટણીને લઈને ગ્રામ્યસ્તરથી લઈને શહેરની તાલુકા પંચાયત અને મામલતદાર કચેરીમાં ફોર્મ ભરવા મોટી સંખ્યામાં આવેલા ઉમેદવારો સાથે ટેકેદારોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

---------------------------------------------------------------------------------

## ચુંટણી-મતદાન વ્યવસ્થા:

રાજ્યના સામાન્ય વહીવટી વિભાગે જણાવ્યું કે, આગામી 22 જૂને ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે.એ દિવસે કાર્યરત રહેતી ગ્રામીણ બૅન્કો, રાષ્ટ્રીયકૃત અને ખાનગી બૅન્કો, સહકારી બેન્કો, રેલવે, ટેલિફોન, ટપાલ કચેરીઓ, દુકાનો, વ્યાપારિક સંસ્થાઓ, હૉટલો, ઔદ્યોગિક એકમ, કારખાનાઓ, હૉસ્પિટલો, પોલીસમથકો, અગ્નિશમન દળ તથા અન્ય આવશ્યક સેવાઓ આપતી સંસ્થાઓના કર્મચારીઓને મતદાન કરવા યોગ્ય વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવી પડશે.

ઉપરાંત સેવા સંબંધિત જરૂરિયાતને ધ્યાને રાખી મતદાન માટે યોગ્ય છૂટછાટ પણ આપવાની રહેશે તેવું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------

## ભુજ-કોરોના:

ભુજ શહેરમાં કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે. ગઈકાલે શહેરમાં નવા 6 કેસ નોંધાયા છે. આ દર્દીઓમાં ત્રણ મહિલા અને ત્રણ પુરુષનો સમાવેશ થાય છે.

દર્દીઓમાં એક 61 વર્ષીય મહિલા છે. જયારે બાકીના પાંચ દર્દીઓની ઉંમર 31થી 45 વર્ષની વચ્ચેની છે. આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ તમામ દર્દીઓની સ્થિતિ હાલે સ્થિર છે. આ તમામ દર્દીઓને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગ સંક્રમણને રોકવા માટે પગલાં લઈ રહ્યું છે. દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોની તપાસ ચાલી રહી છે. નાગરિકોને કોવિડ પ્રોટોકોલનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------

## CM-ગુરૂકુળ ઉદ્ઘાટન:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ‘પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ “ઑપરેશન સિંદૂર”થી આતંકવાદ સામેની ભારતની લડાઈને નવી દિશા આપી. તેનાથી ભાવિ પેઢીઓને દેશસેવાની પ્રેરણા આપશે તેવો પણ વિશ્વાસ શ્રી પટેલે વ્યક્ત કર્યો. ગઈકાલે વડોદરાના ડભોઈમાં શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી પટેલે કહ્યું, ‘ભારતીય શિક્ષણ પદ્ધતિમાં જ્ઞાન સાથે સંસ્કાર પણ જરૂરી છે.

---------------------------------------------------------------------------

## એક્સિઓમ-4 મિશન મુલતવી:

ખરાબ હવામાનને કારણે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક માટે લોન્ચ થનાર એક્સિઓમ-4 મિશન મુલતવી રાખવામાં આવ્યું છે. હવે તે આવતીકાલે 11 જૂને ભારતીય સમય મુજબ સાંજે 5.30 વાગ્યે લોન્ચ કરવામાં આવશે. ભારતીય અવકાશ સંશોધન સંગઠને સોશિયલ મિડીયા પરની એક પોસ્ટમાં આ માહિતી આપી હતી. ISRO ચીફ વી.નારાયણને જણાવ્યું હતું કે ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરથી સ્પેસએક્સના ફાલ્કન-9 રોકેટનું લોન્ચિંગ મુલતવી રાખવામાં આવ્યું છે.ISS જતા પહેલા, શુભાંશુ શુક્લાએ રવિવારે ફુલ ડ્રેસ રિહર્સલ કર્યું.

---------------------------------------------------------------------------